પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૦૮ | ૧૯ માર્ચ, ૨૦૨૩, રવિવાર; ફાગણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# અડધા ગુજરાતમાં કમોસમી વરસાદ

## રાજ્યના અનેક વિસ્તારમાં કમોસમી વરસાદ સાથે કરા પણ પડ્યાં છે : કમોસમી વરસાદ પડવાથી ખેડૂતોમાં ચિંતા, કેરી-ચીકુનું ઉત્પાદન ઘટશે તેવી શક્યતા : ભારે પવનને લઈને બાગાયતી ખેતી કરતા ખેડૂતોના હાલ બેહાલ જોવા મળ્યા છે



અમદાવાદ,તા.૧૮

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો છે. બનાસકાંઠા, પાટણ, સુરત, વલસાડ, ભરૂચ, આણંદ, ભાવનગર, અમરેલી જામનગર અને અમદાવાદમાં વરસ્યો કમોસમી વરસાદના સમાચાર મળી રહ્યા છે. રાજ્યના અનેક વિસ્તારમાં કમોસમી વરસાદ સાથે કરા પણ પડ્યાં છે. આ સાથે જ હજુ ૨ દિવસ માવઠાની હવામાન વિભાગે આગાહી કરી છે.

આગામી ૨ દિવસ રાજ્યમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદ, ગાંધીનગરમાં સામાન્ય વરસાદ થઈ શકે છે. કચ્છ, ભાવનગર, અમરેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, મહીસાગર, અરવલ્લી, દાહોદ, નર્મદા, તાપી, ડાંગમાં પણ આગાહી કરવામાં આવી છે. ૨૧ માર્ચે ફરી એક વેસ્ટન ડિસ્ટર્બન સક્રિય થશે. ૨૧થી ૨૨ તારીખે ફરી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં કમોસમી વરસાદ વરસ્યો છે. શહેરમાં વાદળછાયું વાતાવરણ છવાયું છે. શહેરમાં પવન સાથે ધુળની ડમરીઓ પણ ઉડી છે. રીંગ રોડ, બોડકદેવ, માનસી ચાર રસ્તા, યુનિવર્સિટી વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો છે. આશ્રમરોડ અને સરખેજ તેમજ નારોલ, નિકોલમાં વરસાદી માહોલ છવાયો છે. અમદાવાદના વાતાવરણમાં બપોર બાદ એકાએક પલટો આવ્યો હતો. ત્યારબાદ શહેરના પૂર્વ વિસ્તારમાં હળવો વરસાદ ખાબક્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## અંબાજીના દાંતા પંથકમાં બરફના કરા સાથે વરસાદ

બનાસકાંઠા,તા.૧૮

ગુજરાતના હવામાનમા આવેલા બદલાવ બાદ આજે બનાસકાંઠા જિલ્લાના અંબાજીના દાંતા પંથકમા બરફના કરા સાથે વરસાદ પડ્યો છે. જેમાં ખેતરોમાં પાણી ભરાતા પાકને નુકસાન થયું છે.તેમજ કમોસમી વરસાદના પગલે ખેડૂતોને ભારે નુકસાનીની દહેશત ઉભી થઈ છે. જેમાં અંબાજી દાંતા પંથકમાં ખેડૂતોએ ઘઉંનુ વાવેતર કરેલું હતું. ખેડૂતોને હાથમાં આવેલો પાક ઝૂંટવાઈ ગયો છે.

તેમજ ઘઉંના બાંધેલા પુડા વરસાદી પાણીમાં તરબોળ જોવા મળ્યા હતા. આ ઉપરાંત સર્વે કરાવી અને વળતર ચૂકવવાની ખેડૂતોએ માગ કરી છે.ગુજરાતમાં હજુ બે દિવસ સુધી કમોસમી વરસાદનો માહોલ જોવા મળશે. ૨૧ માર્ચના ફરી એક વેસ્ટન ડિસ્ટર્બન સક્રિય થશે. ૨૧ થી ૨૨ માર્ચે ફરી વરસાદની આગાહી કરવામાં આવી છે.

જો કે એ પહેલા આજે ગાંધીનગર અને અમદાવાદમાં સામાન્ય વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.આગાહી અનુસાર ગઈકાલે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કેટલીક જગ્યાએ વરસાદ પડ્યો હતો. તો ક્યાંક કરા પણ પડ્યા હતા. અરવલ્લી અને મોડાસા પંથકમાં કરા પડ્યા હતા. વણિયાદમાં રસ્તા પર કરાની સફેદ ચાદર છવાતા કાશ્મીર જેવા દ્રશ્યો સર્જાયા હતા.

રાજ્યમાં માવઠાની આગાહી વચ્ચે અનેક વિસ્તારોમાં ગાજવીજ અને પવન સાથે વરસાદ ખાબકી રહ્યો છે. ગઈકાલે મોડી રાતે સાબરકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદ થયો હતો. હિંમતનગર, તલોદ, પ્રાંતિજના ગામોમાં રાત્રે માવઠું થયું હતું. તેજ પવન અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. જ્યારે રાત્રે હિંમતનગર સહિતના ગામોમાં વીજળી ડૂલ થઈ ગઈ હતી.

# દેશમાં કોરોનાના ૮૦૦થી વધુ નવા કેસ

## ૮૪૧ નવા કેસ સાથે, સક્રિય કેસોની સંખ્યા ૫,૩૮૯ થઈ કેરળ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાતમાં સૌથી વધુ કેસ

નવી દિલ્હી, તા.૧૮

દેશમાં ફરીથી કોરોનાએ માથું ઉચક્યું છે. અલગ-અલગ રાજ્યમાં વધતા કોરોનાના કેસો ચિંતામાં વધારો કરી શકે છે. આજે ૧૨૬ દિવસ પછી, ભારતમાં એક દિવસમાં કોરોના વાયરસના ૮૦૦ થી વધુ કેસ નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ૮૪૧ નવા કેસ સાથે, સક્રિય કેસોની સંખ્યા હવે વધીને ૫,૩૮૯ થઈ ગઈ છે.

આજે સાવર સુધીના અપડેટ કરાયેલા સત્તાવાર આંકડા મુજબ દેશમાં કોરોના કેસ વધીને ૪.૪૬ કરોડ થઈ ગયા છે. ઝારખંડ અને મહારાષ્ટ્રમાં કોરોનાથી એક-એકનું મોત થયું છે. કેરળમાંથી બે લોકોના મોતની માહિતી મળી છે.

ડેટા દર્શાવે છે કે કેરળ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાતમાં કોરોનાના સૌથી વધુ કેસો નોંધાયા છે.

ભારતમાં એક મહિનામાં નવા કોરના કેસોની દૈનિક સરેરાશ છ ગણી વધી છે. એક મહિના પહેલા સરેરાશ દૈનિક નવા કેસ ૧૧૨ હતા, જ્યારે હવે તે આંક ૬૨૬ સુધી પહોંચી ગયો છે.

## ઈમરાન ખાનની ધરપકડ માટે ૧૦૦૦૦ જવાન તહેનાત

### ઈમરાન ખાન લાહોરથી ઈસ્લામાબાદ માટે જ્યારે કોર્ટમાં હાજર થવા રવાના થયા તો તેમના ઘરે જમાન પાર્કમાં દરોડાની કાર્યવાહી કરી દેવામાં આવી હતી

લાહોર, તા.૧૮

પાકિસ્તાનમાં તોશાખરાના મામલે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુશ્કેલીનો અંત જ આવી રહ્યો નથી. ઈમરાન ખાન લાહોરથી ઈસ્લામાબાદ માટે જ્યારે કોર્ટમાં હાજર થવા રવાના થયા તો તેમના ઘરે જમાન પાર્કમાં દરોડાની કાર્યવાહી કરી દેવામાં આવી હતી. ઈમરાન ખાનની ગેરહાજરીનો લાભ લઈ સુરક્ષાદળોએ તેમના ઘર પર ક્રેન-બુલડોઝર સાથે કાર્યવાહી શરૂ કરી હતી. આ દરમિયાન ઈમરાન ખાનના ઘરનો દરવાજો તોડીને સુરક્ષાકર્મીઓ અંદર પ્રવેશી ગયા હતા. ઈમરાન ખાનની ધરપકડ માટે ૧૦૦૦૦ જવાનોને તહેનાત કરવામાં આવ્યા છે. અહેવાલ અનુસાર ઈમરાન ખાને આ મામલે કહ્યું છે કે હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે મને તમામ કેસમાં જામીન મળવા છતાં પીડીએમ સરકાર મારી ધરપકડ કરવા માગે છે. સરકારના દુર્ભાવનાપૂર્ણ ઈરાદાઓને જાણવા છતાં હું કોર્ટ જઈ રહ્યો છું કેમ કે મને કાયદામાં વિશ્વાસ છે. જોકે દરોડા દરમિયાન બુશરા બીબી ઘરે એકલા જ હતા. એવા પણ અહેવાલ મળી રહ્યા છે કે પોલીસની કાર્યવાહીથી નારાજ કાર્યકરોએ દેખાવ કર્યા હતા જેના લીધે અથડામણની સ્થિતિ સર્જાઈ હતી. આ દરમિયાન સંપૂર્ણ તૈયારી સાથે આવેલા પોલીસ કાફલાએ દેખાવકારો પર પાણીનો તોપમારો કરી દીધો હતો. આ દરમિયાન પોલીસ તરફથી ફાયરિંગ કરાયાની પણ માહિતી મળી હતી. અહીં અથડામણ દરમિયાન ત્રણ પોલીસકર્મી ઘવાયા હોવાની પણ માહિતી મળી છે. પેટ્રોલ બોમ્બ માર્યા હોવાની પણ માહિતી મળી છે.

તાત્કાલિક જોઈએ છે
ગાંધીનગરમાં કન્સ્ટ્રક્શન કંપની માટે
સિવિલ એન્જીનીયર
(ત્રણ થી પાંચ વર્ષના અનુભવી)
સંપર્ક
79 847 60 496
98 255 00 691

અભિષેક PG
ફક્ત છોકરાઓ માટે
સગવડ : એસી / નોનએસી રૂમ્સ, વાયફાય, CCTV, વાંચન માટે સ્પેશીયલ રૂમ, બેડ, કબાટ, ૨૪ કલાક ગરમ પાણી, શાંત રમણીય જગ્યા
સ્થળ : સેક્ટર-૨૩, ઘ-૬ સર્કલ પાસે
ફોન : ૯૦૩૩૪૩૧૫૨૫, ૯૮૨૪૦ ૬૯૯૫૩




## વારિસ પંજાબ ડેના પ્રમુખ અમૃતપાલ સિંહની ધરપકડ

ચંડીગઢ, તા.૧૮

પંજાબ પોલીસે ખાલિસ્તાની સમર્થક અને વારિસ પંજાબ ડેના પ્રમુખ અમૃતપાલ સિંહ વિરુદ્ધ સકંજો કસ્યો છે. પોલીસે અમૃતપાલ સિંહની ધરપકડ કરી છે. અમૃતપાલના સાથીઓ વિરુદ્ધ પણ કાર્યવાહી કરી હતી અને તેના ૬ સાથીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસે બે ગાડીઓ ઝડપી પરંતુ અમૃતપાલ સિંહ ફરાર થઈ ગયો હતો. બાદમાં તેની ધરપકડ કરવામાં આવી છે. પંજાબ પોલીસે અમૃતપાલ સિંહની ધરપકડ માટે તેનો પીછો કર્યો હતો. અમૃતપાલ સિંહ વિરુદ્ધ પંજાબ પોલીસે હેટ સ્પીચ સહિત ૩ કેસ દાખલ કર્યા છે. તે અંગે જ આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ વચ્ચે પંજાબના અનેક વિસ્તારમાં કાલે ૧૨ વાગ્યા સુધી ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી છે.

